सत्यमेव जयते

| RECEIVED ON | 10-03-2026 | |
|---|---|---|
| REGISTERED ON | 10-03-2026 | |
| DECIDED ON | 17-03-2026 | |
| DURATION | | |
| YEAR:00 | MONTH:00 | DAYS: 07 |

# ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર

## ફોજદારી પરચુરણ અરજી નં. ૩૯૪/૨૦૨૬

**Ex - 10**

**મોનાલીબેન વા/ઓ વિનોદભાઈ શીવાભાઈ પટેલ,**
ઉ.વ.૩૫, ધંધો–હાઉસ વાઈફ,
રહે. ઈ–૫૦૧, મારૂતી અમૃતકૃંજ,
બી/એચ પારીજાત, સરગાસણ,
ગાંધીનગર–૩૮૨૪૨૧.
(જયુડી.કસ્ટડીમાં તા.૦૬/૦૩/૨૦૨૬ થી) ........ **અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજય સરકાર**
**પબ્લિક પ્રોસીકયુટરશ્રી મારફત**
**ગાંધીનગર.** ........ સામાવાળા

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**
અરજદારો તર્ફે વિ.વકીલશ્રી. એલ.એમ.ઝાલા,
રાજય સરકાર તરફે શ્રી. પી.ડી.વ્યાસ.

ગાંધીનગર ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૬૦૧૧૨૬૦૧૩૮/૨૦૨૬,
ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૬(૫),૩૧૮(૪),૬૧(૨) મુજબ

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

## –:: જજમેન્ટ ::–

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે ગાંધીનગર ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧ ૬૦૧૧૨૬૦૧૩૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૬(૫),

૩૧૮(૪),૬૧(૨) મુજબનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર/આરોપી તા.૦૬/૦૩/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. સમગ્ર ફરીયાદની હકીકત ધ્યાને લેતાં ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવેલી છે. ફરીયાદ મુજબ બનાવની તા.૧૩/૦૩/૨૦૨૪ તા.૦૬/૦૩/૨૦૨૬ ની દર્શાવેલી છે. અને હાલની ફરીયાદ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલી છે. આ સંજોગોમાં વિલંબથી ફરીયાદ દાખલ કરેલી છે તે બાબતે યોગ્ય ખુલાસો રજુ થતો નથી. તેથી પણ આ ફરીયાદ શંકા ઉપસ્થિત કરે છે.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, સમગ્ર ફરીયાદ શંકા ઉપસ્થિત થાય તે મુજબ આપવામાં આવેલી છે. કહેવાતો ગુનો અમોએ કરેલ નથી. ફરીયાદીશ્રીએ કયા નંબરનો ફલેટ બુક કરાવેલ છે તેની પણ વિગત જણાવેલ નથી. જે રકમ આપેલાની વિગત દર્શાવેલ છે તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. જેથી અમો અરજદાર સામેના જે આક્ષેપો છે તે માની શકાય તેમ નથી. તપાસ કરનાર અમલદારની એફીડેવીટ ધ્યાને લેતાં મોટા ભાગની તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલી છે. અરજદારના ઘરમાંથી રોકડ નાણા રૂા.૧,૫૦,૦૦૦/- કબજે કરેલા છે. આ સંજોગોમાં અરજદાર સામે તપાસની કાર્યવાહી પેડીંગ હોય તેમ જણાતું નથી. વિશેષમાં કેસની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ અદાલતની હુકમતની છે. અમો સ્ત્રી ઈસમ છીએ. અન્ય કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. જેથી શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રી.રાવલે રજૂઆત કરેલ છે કે, હાલના અરજદાર અને અન્ય આરોપી કે જેઓ તેમના પતિ થાય છે. તેઓની સાથે મળીને કાવત્રુ રચી, ફરીયાદી ને વિશ્વાસમાં લઈ રાયસણ ખાતે માધવ સ્ક્રાય વ્યુ નામની નવી ફલેટની સાઈડ ઉપર ફલેટ બતાવી તે ફરીયાદીને વેચાણ આપવાનું જણાવી, અલગ-અલગ સમયે કુલ રૂા.૩૦,૦૦,૦૦૦/- રોકડા મેળવેલા છે. ફલેટ પણ બુક કરાવેલ નથી. નાણાની

ઉચાપત કરી, વિશ્વાસઘાત અને છેતરપીડી કરેલ છે. આ સંજોગોમાં હાલના અરજદાર આ ગુનામાં સંડોવાયેલ હોય તેમ જણાય છે. તપાસ નાજુક તબકકે છે. અન્ય આરોપીને અટક કરવાના બાકી છે. જેથી હાલની આ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪.૧** ફરીયાદી તર્ફે આંક-૦૯ થી લેખિત વાંધા રજુ કરેલા છે જે વંચાણે લીધા.

**૫.૧** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

- આ કામના અરજદાર/આરોપી સામે ગાંધીનગર ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧ ૨૧૬૦૧૧૨૬૦૧૩૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૧૬(૫), ૩૧૮(૪),૬૧(૨) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.
- ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ દલાલીના વ્યવસાય સાથે સં કળાયેલા હોઈ અને ગુનાહીત કાવત્રુ રચી ફરીયાદીને વિશ્વાસમાં લઈ ફરીયાદીને રાયસણ ખાતે માધવ સ્કાય વ્યુ નામની નવીન બનતી ફ્લેટની સાઈડ ઉપર ફ્લેટ બતાવી તે ફ્લેટ ફરીયાદીને વેચાણ આપવાનું કહી અને ફરીયાદી પાસેથી અલગ અલગ સમયે કુલ રૂા.૩૦,૦૦,૦૦૦/- રોકડા લઈ અને ફરીયાદીના નામે કોઈ ફ્લેટ બુક ન કરાવી પૈસા પરત ન આપી, પૈસાની ઉચાપત કરી, ફરીયાદી સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કરેલાના આક્ષેપો છે.
- બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં અને ફરીયાદ વંચાણે લેતાં આ કામના અરજદાર સામે અન્ય આરોપીની સાથે મળીને ફરીયાદીને ફ્લેટ બુક કરાવવા બાબતે રૂા.૩૦,૦૦,૦૦૦/- રોકડા પ્રાપ્ત કરેલા હોય તે મુજબનો આક્ષેપ છે. ફરીયાદીશ્રી તરફથી ફરીયાદની સાથે ફ્લેટ નંબર તેમજ નાણા આપેલા હોય તેની કોઈ રસીદ રજુ કરેલી નથી. સમગ્ર વ્યવહાર રોકડમાં થયેલો હોય તેમ જણાય છે. આ સંજોગોમાં સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે. અરજદાર સામેની તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલી હોય તેમ જણાય છે. જેથી ટ્રાયલના અંતે યોગ્ય નિર્ણય કરી શકાય તેમ છે.
- રજુ કરેલ તપાસ કરનાર અમલદારનું અફીડેવીટ ધ્યાને છેતાં અરજદાર સામે કોઈ ગુનાહિત ઈતિહાસ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ થતી નથી. અરજદાર સ્ત્રી ઈસમ

છે. કુંટુંબની જવાબદારી હોય તેવું જણાય છે. આક્ષેપીત ગુના સંબંધે ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાક અદાલતની હકુમત હોય તેમ જણાય છે. તેમજ અરજદાર સામે તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલી હોય તેમ જણાય છે. તપાસ કરનાર અમલદારે તેમના સોગંદનામામા જે દહેશત વ્યકત કરેલ છે તે બાબતે યોગ્ય શરતો મુકી અરજદાર/આરોપી ઉપર જરૂરી નિયંત્રણ મુકી શકાય તેમ છે.

૬. આમ, ઉપરોકત મુદાઓને ઘ્યાનમાં લેતા અને સજાની જોગવાઈ તેમજ હાલના અરજદાર/ આરોપીનો રોલ ઘ્યાને લેતાં તથા **નામ. સર્વોચ્ચ અદાલતે સંજય ચંદ્રા વિરુઘ્ઘ સેન્ટ્ર બયુરો ઓફ ઓફ ઈન્વેસ્ટ્રીગેશન, એ.આઈ.આર. ૨૦૧૨ નામ.સુપ્રિમ કોર્ટ ૮૩૦** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ઘાંતો ઘ્યાને લેતા અરજદાર/આરોપીની તરફેણમાં યોગ્ય રકમ અને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**-:: હુકમ ::-**</u>

(૧) આ કામના અરજદાર/આરોપી **મોનાલીબેન વા/ઓ વિનોદભાઈ શીવાભાઈ પટેલ,** ઉ.વ.૩૫, ધંધો-હાઉસ વાઈફ, રહે. ઈ-૫૦૧, મારૂતી અમૃતકૃંજ, બી/એચ પારીજાત, સરગાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧ નાઓની બી.એન. એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને ગાંધીનગર ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૬૦૧૧ ૨૬૦૧૩૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૧૬(૫), ૩૧૮(૪),૬૧(૨) મુજબના ગુનાના કામે રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના સ્થાનીક સઘ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધીત કોર્ટમા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામા આવે છે.

**<u>શરતો :-</u>**

૧. આંકામના અરજદાર/આરોપીએ લોભ-લાલચ પ્રલોભન આપવા- અપાવવા નહીં તેમજ ફરિયાદપક્ષ ના સાહેદ પુરાવા સાથે ચેડા થાય તેવુ કોઈ કૃત્ય કરવુ કરાવવુ નહીં.

૨. આ કામના અરજદાર/આરોપીએ તેમની સામેની કેસની ટ્રાયલ દરમ્યાન દરેક મુદતે નિયમીતપણે બીનચુક હાજર રહેવું.

૩. આ કામના અરજદાર/આરોપીએ તથા તેમના જામીનદારે જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પાકુ અને કાયમી સારનામુ (આધાર પુરાવા તથા ટેલીફોન/મોબાઈલ નંબર સહીત તથા તાજેતરના ફોટોગ્રાફ સહિત) નુ પુરૂ પાડવુ અને તેમાં કોઈ ફેરફાર થાય તો, ટ્રાયલ કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશનમા લેખીત જાણ કરવી.

૪. આ કામના અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

૫. આ કામના અરજદાર/આરોપીએ ભવિષ્યમાં પોતાની જાતને આ પ્રકારની કે અન્ય કોઈપણ પ્રકારની ગુનાહીત પ્રવૃત્તિમા સંડોવવી નહીં

૬. આ કામના અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે પાસપોર્ટ ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે હકીકત સોગંદ પર જાહેર કરવી.

૭. આ કામના અરજદાર/આરોપીએ તેઓની સામેનું ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર માસની પહેલી અને પંદરમી તારીખે ક.૧૧.૦૦ થી બપોરના ક.૧૪.૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સંબંધીત પોલીસ સ્ટેશનમાં તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજરી પુરાવવી.

(૩) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર/ આરોપીના જામીન આપો આપ રદ થયેલ ગણાશે.

(૪) હુકમ અંગે સબંધીત પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

આ હુકમ આજ તારીખ– **૧૭મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૧૭–૦૩–૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.

/PSP/